

# સાહેબજીની પધરામણીની ઘડીઓ રળિયામણી



**૧ જૂન, રવિવાર...** તપોભૂમિ બ્રહ્મજ્યોતિ પર દર રવિવારે યોજાતા 'શ્રી અક્ષરપુરુષોત્તમ ભક્તિ મહાયાગ'માં પધારી યજમાન ભક્તોને આશીર્વાદ પાઠવ્યા. મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કરી કરમસદમાં નિવાસ કરતાં અલકેશભાઈ-માનસીબહેનના ઘરે દીકરા ચિ. ઋષિલના જન્મદિવસ નિમિત્તે યોજલ મહાપૂજામાં પધારી દર્શન-આશીર્વાદ આપ્યાં.

**૨ જૂન, સોમવાર...** મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કરી, 'અક્ષરમહોલ'માં રાત્રિસભામાં આશીર્વાદ આપ્યા.

**૩ જૂન, મંગળવાર...** મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન કરી ધૂન-પ્રાર્થના કરી સૌ સંતો, સ્થાનિક ભક્તો સાથે 'પારમિતા' સભાખંડમાં I.P.L.ની ફાઇનલ ક્રિકેટ મૅચ નિહાળી સૌને સ્મૃતિ આપી આનંદ કરાવ્યો.

**૪ જૂન, બુધવાર...** 'પ્રજ્ઞાનતીર્થ સર્વાંગી શિક્ષણ સંસ્થાન'ના નવા સત્રના આરંભે 'પારમિતા' સભાખંડમાં ઉપસ્થિત સૌ શિક્ષકોને આશીર્વાદ આપ્યા તથા શાળામાંથી નિવૃત્ત થતા અને નવા જોડાતા શિક્ષકોને અભિનંદન પાઠવ્યાં. સાંજે 'તીરથ'માં યોજેલ સંતસભામાં પધારી સૌ સંતોને આશીર્વાદ આપ્યા. મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કરી નૅચરક્યૉરમાં રાજકોટ નિવાસી ગણેશભાઈ અને મુકુંદભાઈને મળવા પધારી તેઓના નિરામય સ્વાસ્થ્ય માટે ધૂન-પ્રાર્થના કરી.

**૫ જૂન, ગુરુવાર...** વિઝાના કામકાજ માટે અમદાવાદ પધાર્યા. વડીલ સાધુ પૂ. ગૌતમદાસજીના ઘરે પધરામણી કરી. ત્યાંથી બીનાબહેનના ઘરે પધાર્યા, જ્યાં સૌ પરિવારજનોએ ભાવથી સત્કાર્યા. ઘરમંદિરમાં આરતી અર્પણ કરી કૉલેજના સહાધ્યાયી જી. કે. પટેલને મળ્યા, જૂનાં સંસ્મરણોને યાદ કરી ગોષ્ઠિનો આનંદ માણ્યો. ઉપાસના ધામ મંદિરે શ્રી ઠાકોરજીનાં દર્શન કરી સભામાં પધારેલા ભક્તોને દર્શન-આશીર્વાદનું સુખ આપ્યું. મોડી રાત્રે બ્રહ્મજ્યોતિ પધાર્યા.

**૬ જૂન, શુક્રવાર...** સવારે નિજ મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કરી 'અક્ષરમહોલ'માં અ.નિ. રોનકભાઈ ઠક્કરના જન્મદિવસ નિમિત્તે યોજેલ મહાપૂજામાં પધારી યજમાનપદે બિરાજમાન વિજયભાઈ-દર્શનાબહેન અને પ્રમોદભાઈ-જશુબહેનને આશીર્વાદ પાઠવ્યા. મુંબઈથી પધારેલ રાજશ્રીબહેનનાં સ્વાગત કરી આશીર્વાદ આપ્યા. શ્રી અતુલભાઈ પટેલ શ્રી ભાઈકાકા યુનિવર્સિટી અને ચારુતર આરોગ્ય મંડળના ચૅરમૅનપદેથી નિવૃત્ત થઈ આશીર્વાદ લેવા પધાર્યા તેઓનાં અને ચારુતર આરોગ્ય મંડળના સૅક્રેટરીશ્રી અમિતભાઈ પટેલનાં સ્વાગત કરી, મહાપૂજામાં પધારેલા ભક્તોને આશીર્વાદ આપ્યા. સાંજે અ.નિ. રોનકભાઈ ઠક્કરના જન્મદિવસ નિમિત્તે યોજેલ ભક્તિ-મહાયાગમાં પધારી યજમાન ભક્તોને દર્શન-આશીર્વાદ આપ્યાં.

**૭ જૂન, શનિવાર...** અ.નિ. સવિતાબહેન કાથરોટિયાની ત્રયોદશીની મહાપૂજામાં પધારેલાં પરિવારજનોને નિજ આવાસ-'ઉપાસના'માં દર્શન-આશીર્વાદ આપ્યાં. બ્ર.સ્વ. કાકાજી મહારાજ સ્મૃતિદિન નિમિત્તે યોજેલ કીર્તનસંધ્યામાં પધારી કીર્તનભક્તિનો આનંદ માણી, પધારેલ સૌ ભક્તોને આશીર્વાદ પાઠવ્યા. રાજેશભાઈ-મીનાક્ષીબહેન ને રણદીપભાઈ (નૅચરોપેથી સૅન્ટરના ઑનર)નાં અને પધારેલા સૌ ભક્તોનાં સ્વાગત કરી આશીર્વાદ આપ્યા તેમજ વિદેશ પરત પધારતા ભક્તોને આશીર્વાદ આપ્યા.

**૮ જૂન, રવિવાર...** 'પારમિતા' સભાખંડમાં અ.નિ. પૂજ્ય રામસિંહભાઈ પરમારની ત્રયોદશીની મહાપૂજામાં પધારી પરિવારજનોને, મહેમાનોને દર્શન-આશીર્વાદ આપ્યાં. મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કરી કરમસદ દર્શનાબહેન-વિજયકુમારના ઘરે પધરામણી કરી ગોષ્ઠિનો આનંદ આપ્યો.

**૯ જૂન, સોમવાર...** મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કરી. તીર્થધામ માણાવદર ખાતે સંતશિબિર અને પાટોત્સવપર્વ નિમિત્તે સદ્‌ગુરુ સંત રતિકાકા અને સંતો-ભક્તોની વિદાય સ્વીકારી પ્રસ્થાન કર્યું. માણાવદર મંદિરે સૌ સંતો-ભક્તોએ ભાવથી સ્વાગત કર્યાં. ગોંડલ અક્ષરદેરી તુલ્ય માણાવદરની દેરીનાં દર્શન કરી ધૂન-પ્રાર્થના કર્યાં. સ્વાગતસભામાં દીકરીઓએ સ્વાગતનૃત્ય રજૂ કર્યા બાદ સંતો-ભક્તોને આશીર્વાદ આપ્યા.

**૧૦ જૂન, મંગળવાર...** માણાવદર મંદિરના હૉલમાં 'શ્રી ગુરુઆજ્ઞા પાલન દ્વારા ગુરુહરિની પ્રસન્નતા' વિષય ઉપર યોજિત

સંતશિબિરમાં પધારી સૌ સંતોનાં માર્ગદર્શન પ્રવચનનાં શ્રવણ કર્યા બાદ સૌ પર આશીર્વાદની વર્ષા કરી.

**૧૧ જૂન, બુધવાર...** સવારે 'શ્રી ગુરુ આજ્ઞાપાલન દ્વારા ગુરુહરિની પ્રસન્નતા' શિબિરના અંતિમ સત્રમાં પધારી સંતોનાં માર્ગદર્શન પ્રવચનનાં શ્રવણ કરી સૌ પર આશીર્વાદની અદ્ભુત વર્ષા કરી. રાત્રે બ્રહ્મસ્વરૂપ દાદુકાકાજી મહારાજના પ્રાગટ્યદિન નિમિત્તે યોજેલ કીર્તનઆરાધનામાં પધારી કીર્તનભક્તિનો આનંદ માણ્યો અને સમગ્ર સૌરાષ્ટ્ર, કચ્છ, કાઠિયાવાડ અને અન્ય પ્રદેશોમાંથી પધારેલા ભક્તોને દર્શન-આશીર્વાદનું સુખ આપ્યું.

**૧૨ જૂન, ગુરુવાર...** બ્ર.સ્વ. પ.પૂ. કાકાજી મહારાજના ૧૦૭મા પ્રાગટ્યપર્વે અને અક્ષરદેરીના ૬૧મા પાટોત્સવપર્વે યોજેલ પાટોત્સવ પૂજાવિધિમાં બિરાજમાન સંતો અને ઉપસ્થિત સૌ ભક્તોને આશીર્વાદ પાઠવ્યા. પાટોત્સવ સભામાં અનુપમ મિશનના સૌ સંતો, ગુણાતીત જ્યોતનાં સંત બહેનો, સ્થાનિક ભક્તો તથા બહારગામથી પધારેલા ભક્તોને દર્શન-આશીર્વાદનું સુખ આપ્યું.

**૧૩ જૂન, શુક્રવાર...** માણાવદરના સંતો-ભક્તોની ભાવભરી વિદાય લઈને નેકનામ (રાજકોટ)માં સંદીપભાઈ હરણિયાની ફૅક્ટરી 'સાહેબ ફાઈબર'માં પધરામણી કરી. ફૅક્ટરીના મંદિરની મૂર્તિઓનાં પૂજન કરીને પ્રતિષ્ઠાની આરતી અર્પણ કરી. સંદીપભાઈ તથા સાથે ફૅક્ટરીમાં જોડાયેલ સૌ ભાગીદાર, કાર્યકર્તાઓ ને પરિવારજનોને આશીર્વાદ પાઠવ્યા. મોરબીમાં કનુભાઈ ભટાસણા-નીતાબહેનના ઘરે પધારી, ઘરમંદિરમાં આરતી અર્પણ કરી, પરિવારજનોને આશીર્વાદ આપી નાની વાવડી મંદિરે પધાર્યા. જયેશભાઈ અને સ્થાનિક ભક્તોએ ભવ્ય સ્વાગત કર્યાં. નાનાં દીકરા-દીકરીઓએ સ્વાગતનૃત્ય દ્વારા સુંદર ભક્તિભાવ રજૂ કર્યા. શ્રી ઠાકોરજીનાં દર્શન કરી, ઉપસ્થિત સૌ ભક્તોને દર્શન આપ્યાં. નાનીવાવડી પટેલ સમાજની વાડીમાં યોજેલ સત્સંગસભામાં પધાર્યા. મોરબી અને નાની વાવડી મંડળની દીકરીઓએ સ્વાગતનૃત્ય કરી ભાવ અર્પણ કર્યા. સભામાં મોરબી, નાની વાવડીના ભક્તો, સ્થાનિક રાજકીય આગેવાનો અને ગ્રામજનોને દર્શન-આશીર્વાદ આપ્યાં. મોડી રાત્રે ચતુરભાઈ-વજીબહેનના ઘરે પધરામણી કરી પરિવારજનોને આશીર્વાદ આપી બ્રહ્માનંદ કરાવ્યો. મોરબીમાં મહેશભાઈ-જાગૃતિબહેનના ઘરે રાત્રિરોકાણ કર્યું.

**૧૪ જૂન, શનિવાર...** મહેશભાઈ-જાગૃતિબહેનના ઘર મંદિરમાં આરતી અર્પણ કરી, ધૂન-પ્રાર્થના કરી પધારેલા ભક્તોને આશીર્વાદ આપ્યા. કાનાભાઈના ઘરે પધરામણી કરી ઘરમંદિરમાં આરતી અર્પણ કરી પરિવારજનોને અને આજુબાજુમાં રહેતા ભક્તોને આશીર્વાદ આપ્યા. મનીષભાઈ એરણિયા-ભગવતીબહેનના ઘરે પધરામણી કરી ઘરમંદિરમાં આરતી અર્પણ કરી, પરિવારજનો માટે પ્રાર્થના કરી આશીર્વાદ આપ્યા. સંદીપભાઈ એરણિયા-જયશ્રીબહેનના ઘરે પધરામણી કરી ઘરમંદિરમાં આરતી અર્પણ કરી. સાંજે બ્રહ્મજ્યોતિ પધાર્યા.

**૧૫ જૂન, રવિવાર...** 'અક્ષરમહોલ'માં અક્ષરમુકત મામગેનસાહેબના જન્મદિવસ નિમિત્તે યોજેલ મહાપૂજામાં પધારી પરિવારજનોને આશીર્વાદ આપ્યા. મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-આરતી કરી, 'અક્ષરમહોલ'માં રાત્રિસભામાં પધારી સંતો-ભક્તોને આશીર્વાદ આપ્યા.

**૧૬ જૂન, સોમવાર...** રાજભોગ આરતી પછી 'અક્ષરમહોલ'માં યોજાતી સભામાં પધારી કચ્છ, અમદાવાદ, ખંભાસલા મંડળના ભક્તોને દર્શન-આશીર્વાદ આપ્યાં. નડિયાદથી પધારેલ વડીલ સાધુ પૂ. સુનીલદાસજીના પ્રાગટયદિને પૂજન કરી, તેઓનાં જીવનમાહાત્મ્યની વાતો કરી આશીર્વાદ પાઠવ્યા. નિજ મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન કરી ધૂન-પ્રાર્થના કર્યા.

**૧૭ જૂન, મંગળવાર...** નિજ આવાસ-'ઉપાસના'માં બિરાજી સ્થાનિક ભક્તોને સત્સંગ-ગોષ્ઠિનું સુખ આપ્યું.

**૧૮ જૂન, બુધવાર...** મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કરી 'અક્ષરમહોલ'માં અમદાવાદ નિવાસી ડૉ. પાર્થિવભાઈના નૂતન આવાસના ઘરમંદિરમાં પધરાવવાની શ્રી ઠાકોરજીની મૂર્તિ અને ગૃહપ્રવેશની મહાપૂજાનાં નિમંત્રણ કાર્ડનાં પૂજન કરી ડૉ. પાર્થિવભાઈ તથા ઉપસ્થિત પરિવારજનોને આશીર્વાદ આપ્યા. સાંજે 'તીરથ'માં સંતસભામાં પધારી સંતોને આશીર્વાદ આપ્યા. વલ્લભવિદ્યાનગરમાં રાજુભાઈ-આશાબહેનના ઘરે પધરામણી કરી, ઘરમંદિરમાં ધૂન-પ્રાર્થના કરી પરિવારજનોને આશીર્વાદ આપ્યા.

**૧૯ જૂન, ગુરુવાર...** સાંજે મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કરી. 'અક્ષરમહોલ'માં રાત્રિસભામાં પધારી સત્સંગલાભ આપ્યો. ઑસ્ટ્રેલિયાથી પધારેલા દીપેનભાઈ રુઘાણીનાં સ્વાગત કરી આશીર્વાદ આપ્યા.

**૨૦ જૂન, શુક્રવાર...** યુ.કે. પરત પધારતાં વિજયભાઈ ઠક્કર-દર્શનાબહેનને યાત્રાની શુભેચ્છાઓ અને આશીર્વાદ પાઠવ્યાં. નૂતન દુકાનનું નિમંત્રણ કાર્ડ લઈને મુંબઈથી પધારેલ દીપકભાઈ-શર્મિલાબહેન પઢિયારને આશીર્વાદ પાઠવ્યા. સાંજે વડોદરાના

અનુપમભાઈ-હેતલબહેનના દીકરા ચિ. કૈવલ્યની વર્ષગાંઠ નિમિત્તે પધારેલ શંકરદાદા અને પરિવારજનોને 'અક્ષરમહોલ'માં સત્કારી આશીર્વાદ પાઠવ્યા.

**૨૧ જૂન, શનિવાર...** દહેગામથી પધારેલ વાડીભાઈ, ધનસુખભાઈ અને ભક્તોને મુલાકાત-ગોષ્ઠિનો લાભ આપ્યો. હૈદરાબાદથી પધારેલ ઈશ્વરભાઈ-જ્યોતિબહેનનાં પરિવારજનોને સત્કારી દર્શનનું સુખ આપ્યું. નિજ મંદિરજીમાં ભચાઉ-કચ્છથી પધારેલ પ્રખર નાડી ચિકિત્સક વૈદ્ય ડૉ. રુદ્રાંશજી મહારાજની સાથે મુલાકાત કરી શ્રી ઠાકોરજીનાં દર્શન તેમજ આરતીનો લાભ અપાવ્યો. યોગી આરોગ્ય કેન્દ્રની મુલાકાતે ગુણાતીત જ્યોતમાંથી પધારેલ ડૉક્ટર બહેનોને મળી ગોષ્ઠિનો લાભ આપ્યો. 'અક્ષરમહોલ'માં રાત્રિસભામાં પધારી હૈદરાબાદથી પધારેલ નવદંપતી ચિ. હિતેન-ચિ. પ્રગતિને સ્મૃતિભેટ સાથે આશીર્વાદ પાઠવ્યા. વૈદ્ય ડૉ. રુદ્રાંશજી મહારાજ અને સાથે આવેલ સેવકોનાં સ્વાગત-અભિવાદન કરી સભામાં ઉપસ્થિત સૌને આશીર્વાદ પાઠવ્યા.

**૨૨ જૂન, રવિવાર...** સવારે વૈદ્ય ડૉ. રુદ્રાંશજી મહારાજે સૌ સદ્‌ગુરુ સંતોનું સ્વાસ્થ્ય ચૅકઅપ કર્યું. ત્યારબાદ તેઓએ આખો દિવસ સંતો-ભક્તોનાં સ્વાસ્થ્યલક્ષી પરીક્ષણ કર્યાં. મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન કરી, ધૂન-પ્રાર્થના કરી, વૈદ્ય ડૉ. રુદ્રાંશજી મહારાજને વિદાયવેળાએ આશીર્વાદ પાઠવી તેઓ ઉપર ખૂબ પ્રસન્નતા વરસાવી.

**૨૩ જૂન, સોમવાર...** ગુરુદેવ યોગીજી મહારાજના સ્મૃતિદિન નિમિત્તે યોજેલ કીર્તનઆરાધનામાં પધારી કીર્તનભક્તિનો આનંદ માણ્યો તેમજ ઉપસ્થિત સૌ ભક્તોને આશીર્વાદ પાઠવ્યા. વિદેશની ધર્મયાત્રાએ પધારતા સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજી, સાધુ પૂ. પરેશદાસજી અને સાધુ પૂ. રવિદાસજીને વિદાયની શુભેચ્છાઓ તેમજ આશીર્વાદ પાઠવ્યાં. વિસાવદર તાલુકા પંચાયતના પ્રમુખ ભરતભાઈ કોટડિયાનાં સ્વાગત કરી આશીર્વાદ પાઠવ્યા. અનુપમ મિશન-ન્યૂઝીલૅન્ડના પ્રમુખ શ્રી જોહનુભાઈ-અમિતાબહેન તથા અનુપમ મિશન-ઑસ્ટ્રેલિયાના પ્રમુખ શ્રી દીપેનભાઈ રુઘાણીનાં અભિવાદન કરી આશીર્વાદ પાઠવ્યા.

**૨૪ જૂન, મંગળવાર...** સવારે સંતનિવાસ-'પરિમલ'માં પધારી સૌ સંતોને આનંદ કરાવ્યો. વિઝાના કામકાજ માટે અમદાવાદ જતા સંતોને આશીર્વાદ આપ્યા. મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કરી 'અક્ષરમહોલ'માં રાત્રિસભામાં આશીર્વાદ આપ્યા.

**૨૫ જૂન,બુધવાર...** અનુપમ મિશન સંચાલિત 'ડૉ. જિતેન્દ્ર-રીટા પટેલ ઈન્ફોર્મેશન ટૅક્નોલૉજી સૅન્ટર', ભક્તિમંદિરનાં વિવિધ પબ્લિકેશન ડિપાર્ટમૅન્ટ્સમાં પધારી સૌ કાર્યકર્તાઓને આશીર્વાદ આપ્યા. સાંજે 'તીરથ'માં સંતસભામાં પધારી આશીર્વાદ આપ્યા. મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કરી 'અક્ષરમહોલ'માં રાત્રિસભામાં પધારી સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજી દ્વારા કરાયેલ 'વચનામૃત'ના નિરૂપણનું શ્રવણ કરી આશીર્વાદ પાઠવ્યા.

**૨૬ જૂન, ગુરુવાર...** વેમારથી પધારેલા ભક્તોને દર્શન-સમાગમનું સુખ આપ્યું. મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કરી 'અક્ષરમહોલ'માં રાત્રિસભામાં પધારી આશીર્વાદ આપ્યા.

**૨૭ જૂન, શુક્રવાર...** રથયાત્રા અને અ.નિ. સદ્‌ગુરુ સાધુ પૂ. શાંતિદાદાના સ્મૃતિદિન નિમિત્તે યોજાયેલ પ્રભાતફેરીમાં સંતો-ભક્તોને દર્શન આપ્યાં. મંદિરજીમાં શણગાર આરતીમાં પધાર્યા, ત્યારબાદ સભામાં સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાના ૮૪મા તિથિ પ્રાગટ્યદિન નિમિત્તે પધારેલા સૌ ભક્તોને દર્શન-આશીર્વાદ આપ્યાં. 'હૃદયકુંજ'-અભિષેક મંડપની પાછળ યોગીબાપાના પ્રાસાદિક આમ્રવૃક્ષનું પુનઃ વાવેતર કર્યું. રાત્રે 'અક્ષરમહોલ'માં રથયાત્રા-અશ્વિનદાદાના પ્રાગટ્યદિનની સભામાં પધારી સૌ સંતો-ભક્તોને આશીર્વાદ આપ્યા અને વિદેશ તીર્થયાત્રામાં પધારતા સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજી, સાધુ પૂ. પરેશદાસજી અને સાધુ પૂ. રવિદાસજીને યાત્રાની શુભેચ્છા અને આશીર્વાદ પાઠવ્યાં.

**૨૮ જૂન, શનિવાર...** મુંબઈ નિવાસી બાલકૃષ્ણભાઈ મુસાલેનાં દીકરી સના-અભિજિતની સગાઈ નિમિત્તે 'અક્ષરમહોલ'માં યોજેલ મહાપૂજામાં પધારી પરિવારજનોને આશીર્વાદ આપ્યા. નિજ મંદિરમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કરી નાયબ મામલતદાર શ્રી ચૈતન્યભાઈ સાંગાણીના 'Nectar' પુસ્તકનું અનાવરણ કર્યું.

**૨૯ જૂન, રવિવાર...** મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કરી અમદાવાદ ડૉ. પાર્થિવભાઈ-શ્રુતિબહેન મહેતાના નૂતન આવાસ 'સત્ત્વમ'માં પધારી સૌના સ્વાગતભાવનો સ્વીકાર કર્યો. નૂતન ઘરમંદિરમાં મૂર્તિઓની પ્રતિષ્ઠા મહાપૂજામાં ડૉ. પાર્થિવભાઈ-શ્રુતિબહેનને આશીર્વાદ આપ્યા. સભામાં પધારેલા સંતો, ભક્તો, ડૉ. તેજસભાઈ (કાર્ડિયોલૉજિસ્ટ) તથા અનેક ડૉક્ટર્સ અને મહેમાનોને આશીર્વાદ આપ્યા.

**૩૦ જૂન, સોમવાર...** મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કરી. 'અક્ષરમહોલ'માં રાત્રિસભામાં આશીર્વાદ આપ્યા. ◆